For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં અમૂલ ડેરીના પનીર, ચીઝ અને બટરના વેચાણમાં તોતિંગ ઉછાળો

# સુરતીઓ દ્વારા રોજ 4 ટન એનાલોગ પનીર ખવાતું હતું

**એનાલોગ** પનીર પર પ્રતિબંધ લાગ્યા પછી અમૂલના 2, સુમુલના 1 અને ખાનગી ડેરીના વેચાણમાં 1 ટન વધારો નોંધાયો

ગુજરાતમિત્ર EXCLUSIVE

સુરત : ગુજરાત સરકારે 5 ઓગસ્ટ 2026થી આવા અનસ્ટાન્ડર્ડાઈઝ્ડ એનાલોગ ઉત્પાદનો કૃત્રિમ પનીર, ચીઝ અને બટર સહિત નોન-ડેરીના ઉત્પાદન, સંગ્રહ, પરિવહન, વિતરણ અને વેચાણ પર પ્રતિબંધ મૂક્યો છે.

આ નિર્ણયને લીધે અમૂલ,સુમુલ જેવી સહકારી ડેરીઓ અને ખાનગી સ્ટાન્ડર્ડ ડેરીના વેચાણમાં વધારો નોંધાયો છે. પનીર વેચાણ મામલે સુરતના બજારમાં અમૂલ ડેરીનું માર્કેટ અંદાજિત 5 ટન પહોંચ્યું છે. જ્યારે સુમુલ ડેરી જે 4 ટન પનીરનું વેચાણ કરતી હતી.ફૂડ વિભાગના દરોડા પછી સુમુલ ડેરીના પનીર વેચાણમાં એક ટનનો વધારો નોંધાયો હતો. જ્યારે અમૂલ પનીરનું વેચાણ રોજ બે ટન વધી ગયું છે.અમૂલ ડેરી સુરત સહિત દક્ષિણ ગુજરાતના માર્કેટમાં ચીઝ અને બટરનું પણ વેચાણ કરતી હોવાથી અમૂલ ચીઝના વેચાણમાં 3 ટન અને અમૂલ બટરના વેચાણમાં અંદાજિત 2 ટનનો વધારો નોંધાયો છે. સુમુલના સૂત્રો કહે છે કે, એના લોગ પર પ્રતિબંધ આવ્યા પછી સુમુલ પનીરનું વેચાણ સ્ટેબલ છે.હાલ 5 થી 6 ટન પનીરનું વેચાણ તેહવારોની સિઝનને લીધે ચાલી રહ્યું છે.

એના લોગ પનીર,ચીઝ 1 કિલો અને 5 કિલોના પેકિંગમાં આવે છે.જ્યારે સુમુલ પનીર માત્ર 200 ગ્રામ પેકેજમાં વેચે છે.એને લીધે વેપારમાં ખૂબ મોટો ઉછાળો નોંધાયો નથી.પ્રતિબંધ પછી લોકોએ આરોગ્ય સામેના જોખમના ભયે પનીરનો ખોરાકમાં ઉપયોગ ઓછો કરતા વેચાણ જોઈએ એવું નહીં વધવાનું એક કારણ એ પણ છે.અમૂલ ડેરીનું માર્કેટ અને રેન્જ વધુ હોવાથી સૌથી વધુ લાભ અમૂલ ડેરીને થયો છે. જ્યારે સુરતની સ્ટાન્ડર્ડ ખાનગી ડેરીઓનું પનીર વેચાણ પણ કુલ મળીને એક ટન જેટલું વધ્યું હોવાનો

...અનુસંધાન પાના ૧૩ પર

### ઓરેકા સેગમેન્ટને ફટકો પડ્યો

ડેરી ઉદ્યોગના જાણકારો કહે છે કે,પામ ઓઈલ અને કેમિકલથી બનતા કુત્રિમ પનીર,બટર અને ચીઝના વેચાણ પર પ્રતિબંધ મુકાતા હોટેલ,રેસ્ટોરન્ટ અને કેટરિંગ બિઝનેસને મોટું નુકશાન થયું છે.એના લોગ પનીર,ચીઝ બટર ના વેચાણ પર પ્રતિબંધથી આ ઓરેકા સેગમેન્ટને ફટકો પડ્યો છે.તેઓની ડીશમાંથી પનીર પ્રોડક્ટ ગાયબ થઈ ગઈ છે.લંચ,ડિનર અને બુફેમાં સ્ટાન્ડર્ડ ચીઝ અને બટરનો ઉપયોગ ઘટ્યો છે.કારણકે,સ્ટાન્ડર્ડ પનીર,ચીઝ બટરનો એના લોગ પનીર,ચીઝ, બટરની માત્રામાં ઉપયોગ કરવાથી નફા પર મોટી અસર થઈ રહી છે. ઓરેકા ઇન્ડસ્ટ્રી અત્યાર સુધી ગ્રાહકોને એના લોગ પનીર,ચીઝ, બટર જ પધરાવી રહી હતી.

### પ્રતિબંધ પછી વેચાણમાં શું બદલાવ આવ્યો?

- સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં અમૂલના પનીર વેચાણમાં 2 ટનનો વધારો
- સુરત શેહર જિલ્લામાં સુમુલ ડેરીના પનીર વેચાણમાં 1 ટનનો વધારો
- સુરતમાં પનીર વેચાણ કરનાર ખાનગી ડેરીઓના પનીર વેચાણમાં 1 ટનનો વધારો
- અમૂલ ડેરીના ચીઝ વેચાણમાં રોજ 3 ટનનો વધારો
- અમૂલ બટરના વેચાણમાં સીધો 2 ટનનો વધારો

# CNGમાં ફરી રૂ.3.75નો તોતિંગ વધારો, ભાવ રૂ.88.76 થયો

**એક** મહિનામાં બીજીવાર ભાવવધારો

**3.34 લાખ** CNG વાહનચાલકો પર સીધી અસર,ઓટો-રિક્ષા સહિત ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધશે

### એક મહિનામાં જ રૂ.5.75નો વધારો


ગુજરાત ગેસ દ્વારા અગાઉ 20 જુલાઈએ CNGના ભાવમાં રૂ.2 પ્રતિ કિલોનો વધારો કરવામાં આવ્યો હતો. તે વધારા બાદ CNGનો ભાવ રૂ.85.01 પ્રતિ કિલો થયો હતો. હવે માત્ર એક મહિના કરતાં પણ ઓછા સમયગાળામાં ફરીથી રૂ.3.75નો વધારો કરવામાં આવ્યો છે.આ નવા વધારા બાદ CNGનો ભાવ રૂ.85.01થી વધીને સીધો રૂ.88.76 પ્રતિ કિલો થયો છે. એટલે કે 20 જુલાઈથી ગણતરી કરવામાં આવે તો માત્ર એક મહિનાના ગાળામાં CNGમાં કુલ રૂ.5.75 પ્રતિ કિલોનો વધારો થયો છે.એક મહિનામાં બે વખત થયેલા ભાવ વધારાથી CNG વાહનચાલકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. હવે આંતરરાષ્ટ્રીય ગેસ સપ્લાયની સ્થિતિ ક્યારે સામાન્ય થાય છે અને આગામી દિવસોમાં CNGના ભાવમાં વધુ વધારો થાય છે કે રાહત મળે છે તેના પર વાહનચાલકોની નજર રહેશે.

સુરત : ગુજરાત ગેસ કંપનીએ CNGના ભાવમાં ફરી એકવાર મોટો વધારો જાહેર કર્યો છે. એક મહિનામાં બીજી વખત થયેલા આ ભાવ વધારાથી ગુજરાત ગેસના CNG વાહનચાલકોને મોટો આર્થિક ફટકો પડશે. કંપની દ્વારા કિલોદીઠ રૂ.3.75નો વધારો જાહેર કરવામાં આવ્યો છે, જે 17 ઓગસ્ટ, 2026થી અમલમાં આવ્યો છે. આ વધારા સાથે CNGનો ભાવ હવે રૂ.88.76 પ્રતિ કિલો થયો છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે ઊભી થયેલી ગેસ સપ્લાયની મુશ્કેલીઓ અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા અમેરિકા-ઇઝરાયલ તથા ઈરાન વચ્ચેના યુદ્ધસંઘર્ષની અસર ગેસના પુરવઠા પર પડી રહી હોવાનું બજારમાં જણાવાઈ રહ્યું છે. ખાસ કરીને હોર્મુઝની ખાડી મારફતે થતી

...અનુસંધાન પાના ૧૩ પર

### વીક એન્ડમાં સાપુતારા તરફ જતી કારો પણ સુંદર દેખાય છે



વિક એન્ડ એમાં પણ જો શનિવારે રજા હોય તો સુરતીઓ સાપુતારા ફરવા માટે નીકળી જાય છે. સાપુતારા તરફ જતી કારનો ઉપરનો નઝારો પણ આવો સુંદર જોવા મળે છે.

## 188 કિ.મી. ખાડીનો ડિજિટલ સરવે પૂરો, હવે હાઈડ્રોલોજી મોડલ બનશે

# ખાડીપૂર: મીઠી ખાડીમાં 2 સ્થળે રિટેઈનિંગ વોલ બદલવામાં આવશે

**મિડલ** રિંગ રોડ પર નાયરા પંપ પાસે ખાડી ઓવરટોપ હોવાથી તેની ચકાસણી થશે

**ભામૈયા**-કડોદરા ખાડીમાં 18 હજાર ઘનમીટર માટી દૂર કરીને ખાડીઓ પહોળી કરવામાં આવી

સુરત : ખાડીપૂરની સમસ્યાના કાયમી ઉકેલ માટે સુરતમાંથી પસાર થતી તમામ ખાડીઓના LiDAR સરવેની સાથે જરૂરી તમામ સરવેની કામગીરી પુરી કરી દેવામાં આવી છે. કલેક્ટર અને ઈન્ચાર્જ મ્યુનિ.કમિ.ની અધ્યક્ષતામાં તાપી ભવન ખાતે યોજાયેલી ખાડીપૂર નિવારણ ખાસ સમિતિની બેઠકમાં મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

સરવે કરનાર કન્સલ્ટન્ટે રિપોર્ટ આપ્યો હતો કે, શહેર વિસ્તારમાંથી પસાર થતી કુલ 188 કિ.મી.ની ખાડીઓનો DGPS અને ડ્રોન સરવે પૂર્ણ કરી તેનો ડેટા પણ મેળવી લેવામાં આવ્યો છે. હવે આ ડેટાના પ્રોસેસિંગ બાદ હાઈડ્રોલોજી મોડલ રન કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. હાઈડ્રોલોજી મોડલ સેટઅપના આધારે ખાડીઓના કેચમેન્ટ લેવલનું રિવાઈઝિંગ કરી તેની અસર સહિતનો રિપોર્ટ તૈયાર કરવામાં આવશે.વધુ વરસાદના સમયે મીઠી ખાડી પર મિડલ રિંગ રોડ નજીક નાયરા પેટ્રોલ પંપ સામે ખાડી ઓવરટોપ થઈ જતી હોવાથી આ સ્થળની પણ વિશેષ ચકાસણી કરવા સૂચના અપાઈ છે. ઉપરાંત મીઠી ખાડી કિનારે આવેલા મિલેનિયમ એમ-4 માર્કેટ પાસે ગેબિયન વોલના સ્થાને રિટેઈનિંગ વોલ કરવામાં આવે તો ખાડીની વહન ક્ષમતામાં કેટલો ફેરફાર થશે તેની પણ તપાસ કરાશે.

સરકારના ડ્રેનેજ વિભાગ નં.2 દ્વારા ભામૈયા-કડોદરા ખાડીમાં ઉધના તાલુકાના સચિન બ્રિજની અપસ્ટ્રીમ બાજુ તેમજ અલથાણ-ભમરોલી ખાડીના ડાઉનસ્ટ્રીમ ભાગમાં બે સ્થળે કુલ 10 એક્સકેવેટરથી કામગીરી હાથ ધરાઈ છે. આશરે 600 મીટર લંબાઈ પૈકી 140 મીટર વિસ્તારમાં ખાડી પહોળી કરવાની કામગીરી કરી 18 હજાર ઘનમીટર માટી દૂર કરવામાં આવી છે. 188 કિ.મી.નો DGPS અને ડ્રોન સરવે પૂર્ણ થયા

...અનુસંધાન પાના ૧૩ પર

# ઓયોમાં રૂમ બુક કરાવતી વખતે જ યુવક ઢળી પડ્યો

**હિસ્ટોપેથોલોજી** રિપોર્ટ બાદ જ મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં રહેતા 26 વર્ષીય યુવકનું હોટલમાં રૂમ બુક કરાવતી વખતે અચાનક બેભાન થઈ ઢળી પડ્યા બાદ મોત નીપજ્યું હતું. યુવકનું મોત હાર્ટ એટેકના કારણે થયું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, મોતનું ચોક્કસ કારણ હિસ્ટોપેથોલોજી રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ ડિંડોલીમાં શિવમ રો-હાઉસની સામે આવેલી સંગમ સોસાયટીમાં રહેતો 26 વર્ષીય આકાશ પ્રેમચંદ પવાર સચિન ખાતે આવેલી એમ્બ્રોઈડરીની ફેક્ટરીમાં કામ કરતો હતો. રવિવારે મોડી રાત્રે આકાશ ડિંડોલી આરજેડી પ્લાઝા ખાતે આવેલી ધ રાવલ પેલેસ હોટલમાં ગયો હતો. હોટલના કાઉન્ટર પર રૂમ બુક કરાવતી વખતે અચાનક તેને છાતીમાં દુખાવો થયો હતો અને ત્યારબાદ તે બેભાન થઈને ઢળી પડ્યો હતો. ઘટનાની જાણ થતાં 108 એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી. સ્થળ પર પહોંચેલા 108ના ઈએમટીએ આકાશની તપાસ કરતાં તેને મૃત જાહેર કર્યો હતો. આકાશનું હાર્ટ એટેકના કારણે મોત થયું હોવાની પ્રાથમિક શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી હતી. જોકે, મૃતદેહને શબ પરીક્ષણ માટે ફોરેન્સિક મેડિસિન વિભાગમાં મોકલવામાં આવ્યો હતો. કોઈ કેફી પદાર્થ કે શંકાસ્પદ દવા લીધી હોય તેવું કંઈ જણાયું નથી

સ્મીમેર હોસ્પિટલના ફોરેન્સિક મેડિસિન વિભાગના ડો. સંદીપ રલોતીના જણાવ્યા મુજબ, મૃતદેહના જરૂરી તમામ નમૂનાઓ લેવામાં આવ્યા છે અને તેને હિસ્ટોપેથોલોજી

...અનુસંધાન પાના ૧૩ પર

# અમરોલીમાં પથ્થરમારો કરનારા ૫૦૦થી વધુ શ્રમિકો સામે ગુનો

**સાપ્તાહિક** રજાની માંગણી વખતે પથ્થરમારામાં ડીસીબીનો હેડ કોન્સ્ટેબલ ઘાયલ થયો હતો

સુરતઃ રવિવારે અમરોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીઓમાં એક દિવસની રજાની માંગ સાથે કામદારો રસ્તા પર ઉતરી આવ્યા હતાં. અહીં એમ્બ્રોટેક, સાંઈ એમ્બ્રો, વેદાંત અને અંજની ઈન્ડસ્ટ્રીઝ જેવા ટેક્સટાઈલ એમ્બ્રોઈડરીના ખાતાઓમાં કામ કરતા આશરે ૫૦૦થી વધુ પરપ્રાંતીય વર્કરોના ઉગ્ર ટોળાએ પોલીસ પર હુમલો કરી ભારે પથ્થરમારો કર્યો હતો. જેમાંક્રાઈમ બ્રાંચના એક હેડ કોન્સ્ટેબલ મોઢાના ભાગે ગંભીર રીતે ઘવાતા તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટના અંગે અમરોલી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.બી.ઝાલાએ અજાણ્યા હુમલાખોરો વિરુદ્ધ ગેરકાયદેસર મંડળી રચી હુલ્લડ મચાવવાનો ગુનો નોંધાવ્યો છે.

ગત તા.૧૫/૦૮/૨૦૨૬ ના રોજ સોશિયલ મીડિયામાં હડતાલ પાડવા

...અનુસંધાન પાના ૧૩ પર

## સપ્તાહમાં એક દિવસ સ્ટેગરિંગમાં રજા જ હોય છે

**રવિવારે** જ બંધ રાખવાનો આગ્રહ યોગ્ય નથી: મહેન્દ્ર રામોલિયા

સુરતઃ રવિવારની સાપ્તાહિક રજા સહિતની માંગણીઓને લઈને સુરતના એમ્બ્રોઇડરી ઉદ્યોગમાં કામદારોનો અસંતોષની લાગણી ફેલાઈ છે. 14 ઓગસ્ટે અમરોલી વેદાંત ઇન્ડસ્ટ્રી વિસ્તાર, ડાયમંડ અમરોલી-કોસાડ-સાયણ રોડ પટ્ટામાં એમ્બ્રોઇડરીના મુખ્ય ઔદ્યોગિક વિસ્તારોમાં કામદારોએ એકઠા થઈ મશીનો સંપૂર્ણપણે બંધ કરાવી દીધાં હતાં. જોકે, પોલીસની સમજાવટને પગલે મામલો શાંત પડ્યો છે. આ ઘટનાને લઈ સચિન ઇન્ડસ્ટ્રિયલ સોસાયટીના ડિરેક્ટર મહેન્દ્ર રામોલિયા દ્વારા MSME અને ટેક્સટાઇલ ઉદ્યોગ સાથે સંકળાયેલા ઉદ્યોગકારો તથા કારીગરોની વર્તમાન પરિસ્થિતિ અંગે વિવિધ મહત્ત્વના મુદ્દે રજૂઆત કરવામાં આવી છે. રામોલિયાએ જણાવ્યું હતું કે, ઇન્ડસ્ટ્રીમાં સાપ્તાહિક રજાનો નિયમ પાળવામાં આવી જ રહ્યો છે. ઔદ્યોગિક વિસ્તારોમાં વીજ કંપનીઓ વીકમાં એક દિવસ સ્ટેગરિંગ (વીજ પુરવઠો બંધ)

...અનુસંધાન પાના ૧૩ પર

### મોંઘવારી મુજબ કારીગરોનું વેતન વધ્યું જ છે

મહેન્દ્ર રામોલિયાએ જણાવ્યું હતું કે, ટેક્સટાઇલ ઉદ્યોગમાં ઓટોમેશન વધવાને કારણે મશીનરી આધારિત ઉત્પાદન વધી રહ્યું છે, જેના પરિણામે માનવશક્તિની જરૂરિયાતમાં પણ ફેરફાર થઈ રહ્યો છે. બીજી તરફ કારીગરોનું જીવનધોરણ ઊંચું આવ્યું છે અને છેલ્લાં કેટલાંક વર્ષોમાં તેમના વેતનમાં અંદાજે 4થી 5 ગણો વધારો થયો છે. કંપનીમાં કર્મચારીઓની એક્ઝિટ કે છટણી થાય ત્યારે કંપની તરફથી કારીગરોના પગારમાં કાપ મૂકવામાં આવતો નથી. ઉદ્યોગ અને કારીગર બંનેના હિતોને ધ્યાનમાં રાખીને નીતિગત તથા વ્યવહારુ ઉકેલ લાવવાની જરૂરિયાત તેમણે વ્યક્ત કરી હતી.

## વીક એન્ડ પાર્ટી માટે જ ફ્લેટનો ઉપયોગ થતો હતો

# બેલીઝાના ૧૩મા માળે દારૂ પાર્ટી ચાલતી હતી

**ડુમસ** પોલીસે બે દિવસમાં બે દારૂ પાર્ટી ઝડપી પાડી

**વિદેશી** દારૂની ૧૪ મોંઘી બોટલ, ૮ સ્માર્ટફોન અને કાર કબજે



સુરતઃડુમસ રોડ પર આવેલા અતિ પોશ સાયલન્ટ ઝોન વિસ્તારમાં ડુમસ પોલીસે દારૂની મહેફિલ પર દરોડો પાડી ઉચ્ચ વર્ગના છ વેપારીને પકડી લીધા હતા. બે દિવસમાં દારૂની મહેફિલ ઝડપાઈ હોવાની આ બીજી ઘટના છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે વિકએન્ડ પાર્ટી માટે જ આ ફ્લેટનો ઉપયોગ થતો હતો.

ડુમસના સાયલન્ટ ઝોન સ્થિત ‘રાજહંસ બેલીઝા’ બિલ્ડિંગના ‘બી’ ટાવરમાં રૂમ નંબર ૧૩૧૭માં વેપારીઓની દારૂની મહેફિલ પર દરોડો પાડવામાં આવ્યો હતો.

પોલીસે બિલ્ડિંગના સિક્યુરિટી સ્ટાફને સાથે રાખી ૧૩મા માળે

...અનુસંધાન પાના ૧૩ પર

### આરોપીઓના નામ

(1) અનુપ પુરૂષોત્તમભાઈ પાંપાળીયા (ઉ.વ. ૩૪. રહે,શ્રી દર્શન સોસાયટી, ઘોડદોડ રોડ, સુરત (ફ્લેટ માલિક)) (2) ગોપાલ ઓમપ્રકાશ રાઠી (ઉ.વ. ૩૪, રહે, મેઘધનુષ એપાર્ટમેન્ટ, ઘોડદોડ રોડ) (3) ધીરજ જગદીશભાઈ પાંપાળીયા (ઉ.વ. ૩૨, રહે, આશીર્વાદ પેલેસ, ભટાર રોડ) (4) આનંદ ભાગીરથ પાંપાળીયા (ઉ.વ. ૩૦, હે,શ્રી દર્શન સોસાયટી, ઘોડદોડ રોડ) (5) મુદ્દસીર નાઝીર માંક્ડા (ઉ.વ. ૩૪ રહે,સિદ્દીકી સ્ક્વેર, અડાજણ પાટીયા) (6) ગગન સંતોષકુમાર ચાંડક (ઉ.વ. ૨૪)રહે,રેશમા રો-હાઉસ, મગોબ)




The Decora inc. Spaces Come Alive

EXCLUSIVE HOME FURNISHINGS SALE

UP TO 50% OFF ON ALL OUR PRODUCTS

CURTAINS | UPHOLSTERY FABRICS | WALLPAPERS | WOODEN FLOORING
WOODEN PANELLING | RUGS | BED LINEN | MATTRESSES

STARTS FROM | 10TH AUGUST

VISIT OUR STORE:- B-13-14, Ajit-Park Soc., Beside Murlidhar Appartment, Near Science Centre, City light, Surat.

CONTACT US ON:- +91 99782 99827

સ્વાતંત્રદિન સ્પેશ્યલ ઓફર ઓફર દિવસ: ૧૩ થી ૨૦ ઓગસ્ટ

મફતલાલ મીલના પેન્ટપીસ રૂા. 792 માં 3 Pcs | શર્ટપીસ રૂા. 792 માં 3 Pcs

Birla Century / RUBY / ARVIND મીલના 100% cotton નાં પેન્ટપીસ રૂા.1350 માં 3 Pcs | શર્ટપીસ રૂા.1350 માં 3 Pcs

તે ઉપરાંત Raymond & Mafatlal ની પેન્ટપીસ-શર્ટપીસ ની જોડી (Combo - Gift Packing માં)

Raymond Reid & Taylor OCM મીલનાં પેન્ટપીસ મળશે

શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો “પ્રેમકુંજ”, નવાપુરા ઘાંચી શેરી, ટાવર સામે, સુરત. Ph: 2425102, 2432087



અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦


### છઠ્ઠી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



મનુષ્ય જન્મથી નહિં પણ કર્મથી ઓળખાય છે. એટલે જ મરણ કરતા સ્મરણ વધુ યાદગાર બને છે. જેમાં આપની સ્મૃતિ એક વરદાન છે. પાંપણ ઝુકે ને તમને નમન થઈ જાય, મસ્તક ઝુકે ને વંદન થઈ જાય. તમે ગયા પણ તમારી યાદ હજુ જીવંત છે. પ્રભુ આપના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

સ્વ.શાંતિબેન કાનજીભાઈ આહીર
સ્વ.તા.૧૮/૦૮/૨૦૨૦

લિ.
યોગેશભાઈ કાનજીભાઈ આહીર (પુત્ર) - ઉષાબેન યોગેશભાઈ આહીર (પુત્રવધુ)
નરેશભાઈ કાનજીભાઈ આહીર (પુત્ર) - ઉષાબેન નરેશભાઈ આહીર (પુત્રવધુ)
જયંતીભાઈ ગોવિંદભાઈ આહીર (જમાઈ) - ઊર્વશીબેન જયંતીભાઈ આહીર (પુત્રી)
રાજેષભાઈ છોટુભાઈ આહીર (જમાઈ) - ગીતાબેન રાજેષભાઈ આહીર (પુત્રી)
પૌત્ર-પૌત્રી : ધાર્મિક, નેન્સી, પ્રયાન, ખુશ્બુ, દિપેશ, પરનિયા, ભૂમિ, નીલ, ધ્યાન, લય, શીવ
દોહિત્ર-દોહિત્રી : મિતુલ, સ્મિત, પ્રિત, નેન્સી

નિવાસસ્થાન : આહીરવાસ, મુ. તીઘરા, પો. કાલીયાવાડી, તા.જી. નવસારી

### ચોથી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



સ્વ.દક્ષાબેન (હંસાબેન) કિશોરચંદ્ર ગાંધી
જન્મ તા.22/11/1948
સ્વ.તા.18/08/2022

નથી હયાત તમે પણ સાથે હોય એવું લાગ્યા કરે છે. હર પલ હાજરીનો આભાસ લાગ્યા કરે છે. ક્યારેક કહેવાયેલ વાતોના ભણકારા વાગ્યા કરે છે. યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતી અર્પે એજ પ્રાર્થના. ૐ શાંતિ...

લિ.
કિશોરચંદ્ર મોહનલાલ ગાંધી (પતિ)
જૈમિની અનિષકુમાર બેકાવાલા (પુત્રી)
ઝુબીન અનિષકુમાર બેકાવાલા (દોહિત્ર)
કરણ અનિષકુમાર બેકાવાલા (દોહિત્ર)
ધ્રુવી ઝુબીન બેકાવાલા (દોહિત્રી)
વામિકા ઝુબીન બેકાવાલા
સમસ્ત ગાંધી પરિવાર

બી/૪૦૧, અભિનંદન રેસીડેન્સી, જાગનાથ મહાદેવ મંદિરની બાજુમાં, પાલ, સુરત. મો. 98254 47507

### અનાવિલ અવસાન




સ્વ. પ્રયોગિનીબેન (છોટીબેન) ઠાકોરભાઈ દેસાઈ
સ્વ. તા. ૧૬/૦૮/૨૦૨૬

અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે, મૂળ ગામ વેસ્મા, હાલ સુરત નિવાસી કુમારી પ્રયોગિનીબેન(છોટીબેન) ઠાકોરભાઈ દેસાઈ (ઉ.વ. ૭૩) નું તા. ૧૬-૦૮-૨૦૨૬ ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેઓ સ્વ. કુમુદબેન તથા સ્વ. ઠાકોરભાઈ દેસાઈ ના સુપુત્રી,તથા સ્વ. ચંદ્રલેખાબેન ઠાકોરભાઈ દેસાઈ અને સ્વ. જયપ્રકાશ ઠાકોરભાઈ દેસાઈ ના બહેન હતા.
(લૌકિક પ્રથા સદંતર બંધ રાખેલ છે. સૌ સગા-સ્નેહીઓને પોતાના નિવાસસ્થાનેથી જ સદ્ગતના આત્માની પરમ શાંતિ માટે પ્રાર્થના કરવા નમ્ર વિનંતી છે.)

: શોકાતુર :
ગીતાબેન પ્રદીપભાઈ ઉપાધ્યાય
આનંદ પ્રદીપ ઉપાધ્યાય
કાનન આનંદ ઉપાધ્યાય અને પરિવાર
તથા સમસ્ત દેસાઈ પરિવાર

### પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. વિનોદચંદ્ર રમેશચંદ્ર કાપડીયા
જન્મ તા.૨૪/૦૧/૧૯૪૫ - સ્વ. તા.૧૮/૦૮/૨૦૨૫

પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના.
તમારા આર્શીવાદ એજ અમારી શક્તિ છે.

લિ.
ગં.સ્વ.પ્રતિમાબેન વિનોદચંદ્ર કાપડીયા
ધર્મેશ વિનોદચંદ્ર કાપડીયા - મુક્તી ધર્મેશ કાપડીયા
અશોકકુમાર રમેશચંદ્ર કાપડીયા - સરોજબેન અશોકકુમાર કાપડીયા
જીતેન્દ્રકુમાર રમેશચંદ્ર કાપડીયા - વનિતાબેન જીતેન્દ્રકુમાર કાપડીયા
શીવ ધર્મેશ કાપડીયા
તથા સમસ્ત કાપડીયા પરિવાર